**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 01-05-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે

લોકસભા ચૂંટણીનો ત્રીજો તબક્કો નજીક આવી રહ્યો છે ત્યારે આજે દેશભરમાં વિવિધ રાજકીય પક્ષો ચૂંટણી રેલીઓ સંબોધિત કરીને પોતપોતાની પાર્ટીના ઉમેદવારોનો પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી રેલીઓ કરી રહ્યા છે. ગૃહમંત્રી અને ભાજપના નેતા અમિત શાહ છત્તીસગઢના કોરબામાં જનસભાને સંબોધશે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી આસામના ધુબરી ખાતે પ્રચાર કરશે.

**RNU અમદાવાદ**

---

## અજરખ કળાને GI ટેગ

વૈશ્વિક સ્તરે પ્રખ્યાત એવી કચ્છની અજરખ કળાને જીઓગ્રાફિક્લ ઈન્ડિકેશન એટલે કે જીઆઈ  ટેગ મળ્યું છે. 500 વર્ષ જૂની આ અજરખ કલાને જીઆઈ ટેગ મળતા કચ્છના કલાકારોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. અજરખપુર હસ્તકલા વિકાસ સંગઠનના પ્રમુખ ડો. ઈસ્માઈલ ખત્રી જણાવે છે કે, કચ્છની આ વિશિષ્ઠ કળાને આગવી ઓળખ મળતા હવે કારીગરોને તેનું યોગ્ય વળતર અને રોજગાર મળી રહેશે.

બાઈટ : ઈસ્માઈલ  ખત્રી

અશરફ નથવાણી

---

## મતદાન જાગૃતિ પ્રવૃત્તિ-મહેંદી હરીફાઇ

જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઇ રહી છે ત્યારે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આજે સમગ્ર જિલ્લામાં આંગણવાડીની બહેનો દ્વારા તેમજ વિવિધ શાળા કોલેજો દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન થયું હતું. આ આયોજનમાં મતદાન જાગૃતિ વિષયક થીમ ઉપર આધારિત મહેંદીની ડિઝાઈનો દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ વહેતો મૂક્યો હતો.

માહિતી ખાતુ

---

## જિલ્લામાં ચૂંટણી પ્રચાર

ગુજરાતમાં લોકસભાની 25 બેઠકોની ચૂંટણી તેમજ વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણીનો પ્રચાર પૂર ત્યારે થવાને આડે હવે પાંચ દિવસ બાકી છે ત્યારે કચ્છમાં પ્રચાર કાર્ય ધીમે ધીમે વેગ પકડતો જાય છે. જોકે, ભાજપ અને કોંગ્રેસના રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાના આગેવાનોનો પ્રચાર કાર્યક્રમ જાહેર થયો નથી ત્યારે છેલ્લા દિવસોમાં એ યોજાય તેમ મનાય છે. ગામોમાં નાની મોટી સભાઓ યોજાય છે, જ્યારે શહેરી વિસ્તારોમાં કાર્યકરો વિવિધ વિસ્તારોમાં ફરી મતદારો નો ઘેર ઘેર જઈ સંપર્ક કરી રહ્યા છે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------

## આજે મજૂર દિવસ

દુનિયાભરમાં શ્રમિકોના યોગદાનનું સમ્માન કરવા માટે આજે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ માનવવામાં આવી રહ્યો છે.

તેને ‘મે દિવસ’ના નામે પણ ઓળખવામાં આવે છે. દુનિયાભરમાં આર્થિક અને સામાજિક અધિકારોં મેળવવામાં શ્રમિકોએ આપેલા બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા હેતુથી તેની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે દેશ  અને દુનિયાભરમાં વિવિધ પરેડ અને મેળાવડાઓ યોજાઈ રહ્યા છે.

RNU અમદાવાદ

---

## રાજ્યના સ્થાપના દિવસે શુભેચ્છાઓ

આજે રાજ્યના 65મા સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડ, પ્રધાનમંત્રી નરેદ્ર મોદી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવી અને કોંગ્રસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

RNU અમદાવાદ

---

## શ્રમિકોને મતદાનના દિવે સ-વેતન રજા

આગામી તા.૭મી મેના લોકસભા સામાન્યા ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જેથી નોંધણી થયેલ સંસ્થામ, સાઇટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઇ અનુસાર રજા જાહેર કરવાને કારણે સબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં.

માહિતી ખાતુ

---